વર્તમાનકાળની ફરજોને વફાદાર રહીએ, તો ઇશ્વર ભવિષ્યકાળની જોગવાઇ કરી જ આપશે - સંતરામ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૩૫૪ | ૧૦ માર્ચ, ૨૦૧૫, મંગળવાર ; ફાગણ વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦







# શહેરમાં બે વર્ષમાં ૧૦,૫૧૦ વૃક્ષો કપાયા

## જિલ્લાની ૨૦ નર્સરીઓમાં ૧ વર્ષમાં ૩૧.૨૧ લાખ રોપાઓની વાવણી : વૃક્ષોની ગેરકાયદેસર કટોતી સામે ૩૪ કેસ દાખલ કરાયા

ગાંધીનગર, તા.૯

એક જમાનામાં ગ્રીનસીટીની આગવી ઓળખ ધરાવતા નગરની હરિયાળી સામે ખતરો મંડરાયેલો છે. હાઈટેક બનતા ગાંધીનગરમાં વિકાસના નામે સંખ્યાબંધ વૃક્ષો કપાય છે. નગર બેરનસીટી બનવાની રાહે હોવાનો સૂર આક્રોશ સહ પ્રબળ બન્યો છે. શહેર ઉપરાંત જિલ્લામાં વૃક્ષ છેદનની પ્રવૃત્તિ સામે પ્રકૃતિપ્રેમીઓમાં ઘોર નારાજગી પ્રવર્તી છે. ગેરકાયદેસર રીતે વૃક્ષો કપાતા હોવાના પણ અનેક કિસ્સા છે. પર્યાવરણ બચાવો સાથે ગ્રીનસીટીના કન્સેપ્ટને બળવત્તર બનાવવાની ગુલબાંગો વચ્ચે પણ વૃક્ષોનું નિકંદન નીકળી રહ્યું છે. જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૧૦,૫૧૦ વૃક્ષો કાપવામાં આવ્યા હોવાનો એકરાર ખુદ વનમંત્રીએ કર્યો છે.

ગાંધીનગર જિલ્લામાં ૨૦ નર્સરીઓમાં છેલ્લા એક વર્ષમાં ૩૨.૨૧ લાખ રોપાઓ વાવવામાં આવ્યા છે. જયારે આ પૈકી ૩૧.૧૨ લાખ રોપાઓ જીવિત હાલતમાં છે. સરકાર દ્વારા રોપાઓ ઉછેરવા માટે એક વર્ષમાં ૪૪.૪૭ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. જિલ્લામાં બે વર્ષમાં ૧૦,૫૧૦ વૃક્ષો કાપવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર


૧ થી ૩૦ સેક્ટર માટે
LED TV, LCD TV, Colour TV
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઇલેક્ટ્રોનિક્સ
ફોન : ૨૩૨ ૮૭૧૧૫
મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧
મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬













